

બેટા, ડરીશ નહીં. આ સૅક્ટર-૨૨માં હતો તેવો હિંસક આખલો નથી, આ તો અહિંસક છે. એટલે જ તો સૅક્ટરમાં ખુલ્લો ફરી રહ્યો છે !!!

# શનિવારે ટાઉન હૉલ ખાતે વિવેકાનંદ આધારિત નાટક

ગાંધીનગર, તા. ૧૧

યુગનાયક સ્વામી વિવેકાનંદના જીવન આધારિત નાટકના કાર્યક્રમનું તા. ૧૪ જુલાઈ ને શનિવારે ગાંધીનગર ટાઉન હૉલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

ભારત વિકાસ પરિષદ, શ્રી કચ્છી કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગર અને વિક્રમ ઍકેડેમી ઑફ પરફોર્મિંગ આટ્ર્સના સંયુક્ત ઉપક્રમે રાત્રે ૯.૩૦ કલાકે આયોજિત આ નાટકનું દિગ્દર્શન ડૉ. વિક્રમ પંચાલ દ્વારા કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જ્હા ઉપસ્થિત રહેશે.

સૌ રસિક નગરજનોને આ નાટક માણવા આયોજક સંસ્થાઓ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વિસનગરા નાગર પરિવાર તેજસ્વી તારલાઓને સન્માનશે

## ૩૦ સપ્ટેમ્બર સુધી માર્કશીટ મોકલવાની રહેશે

ગાંધીનગર, તા. ૧૧

વિસનગર નાગર પરિવાર ગાંધીનગર તરફથી દર વર્ષે તેજસ્વી તારલાઓના સન્માન, નવાવર્ષનો સ્નેહમિલન, ૭૫ વર્ષના વડીલોનું સન્માન, પરિવારમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારનું સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમ અંગે પાલ્ય પુત્ર-પુત્રીની માર્કશીટ નિયત ફોર્મમાં ભરીને તા. ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં મોકલી આપશો. આ માહિતી મહેશભાઈ રાવલ ૧૨૨૨/૨, સેકટર- ૭-ડી, દિવ્યાંગભાઈ મહેતા ૫૫૮/૭, સેકટર- ૨૩, કૌશિકભાઈ રાવલ ૨૨૯, સરકારી કોલોની સેકટર-૨૫માં મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

# અમદાવાદમાં યોજાશે કલાકૃતિઓનું પ્રદર્શન

## તા. ૧૩થી ૧૭ જુલાઈ દરમિયાન પ્રદર્શન નિહાળવાની જાહેર જનતાને તક

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત કોન્ટેમ્પરરી આર્ટીસ્ટ કેમ્પ તથા કસ્કલ્પચર વર્કશોપની કલાકૃતિઓનું પ્રદર્શન રવિશંકર રાવળ કલા ભવન, લૉ-ગાર્ડન પાસે, અમદાવાદ ખાતે યોજાશે.

તા. ૧૩-૭-૨૦૧૨થી તા. ૧૭-૭-૨૦૧૨ સુધી બપોરના ૧૨-૦૦થી સાંજના ૭-૦૦ કલાક સુધી યોજાનારું કલાપ્રદર્શન જાહેર જનતાને નિહાળવા અર્થે ખુલ્લું રહેશે. તા. ૧૩મી જુલાઈએ સાંજે ૭-૦૦ કલાકે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના કમિશનરશ્રી આ પ્રદર્શનને ખુલ્લું મુકશે.

# આજથી સિધ્ધાર્થ લૉ કોલજેમાં પ્રવેશ કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૧

સિધ્ધાર્થ લો કોલેજ ગાંધીનગરના આચાર્યશ્રી ડૉ. દિલીપ એ. મેવાડા જણાવે છે કે પ્રથમ વર્ષ એલ.એલ.બી. તથા ડી.બી.પી., ડી.એલ.પી. પ્રવેશ કાર્ય તા.૧૨મી જાન્યુઆરીથી શરૂ થશે. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળી શકશે.

# રાજ્યના જિલ્લા, તાલુકાના એટલાસ મેપનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૧

મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે અનડા પ્રકાશન દ્વારા પ્રકાશિત કરાયેલા રાજ્યના તમામ ૨૬ જિલ્લાઓના એટલાસ મેપનું વિમોચન કર્યું હતું.

આ એટલાસ મેપમાં સંબંધિત જિલ્લાના નકશાઓ તેમજ તાલુકાના નકશાઓ ઉપરાંત પ્રવાસન સ્થળો અને ગ્રામ્યસ્તર સહિતની તલસ્પર્શી માહિતી પૂરી પાડવામાં આવી છે તેની મુખ્યમંત્રીશ્રીએ પ્રસંશા કરી હતી.

આ વિમોચન પ્રસંગે અનડા પ્રકાશનના સર્વશ્રી વિવેકભાઇ પટેલ, ભરતભાઈ અનડા તથા મનુભાઈ શાહ અને સંપાદકશ્રી કૌશિકભાઈ ઉપસ્થિત રહ્ના હતા.

# જલારામ સેવા સમાજની રજત જયંતી ઉજવણીએ વક્તૃત્ત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર સંચાલિત સદાવ્રતના ૨૫મા વર્ષની પ્રવેશ ઉજવણી નિમિતે જલારામ ધામમાં વકૃતત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સુચવેલા વિષયો પર પોતાની આગવી, શૈલીમાં રજૂઆત કરી હતી, દિપ પ્રાગટ્ય અને સંકીર્તનથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. સમાજના પ્રમુખ અમૃતભાઈ ડી. ઠક્કરે સ્વાગત કર્યુ હતું. બીપીનભાઈ ઠક્કરે નિર્ણાયક શ્રીઓનો પરિચય આપ્યો હતો. અશોકભાઈ ગણાત્રાએ સ્પર્ધાના હેતુ નિયમોની જાણકારી આપી હતી. મંત્રી જિતેન્દ્રભાઈ સંજાણીએ સંચાલન કર્યુ હતું. સમાજની પ્રવૃત્તિઓને માહિતગાર કર્યા હતા. યોગેશભાઈ દક્ષિણી અને નટુભાઈ કક્કડે સંયુક્ત રીતે સ્પર્ધાના મનોજભાઈ શુક્લ, ભરતભાઈ કવિ, નિમેષભાઈ રાવલે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.

પ્રથમ નંબરે ભરતભાઈ સોજાત્રા, દ્વિતીય ક્રમે જગદીશભાઈ મુલાણી તૃતીય ક્રમે જગદીશભાઈ ઠક્કર, ગાયત્રી કનુભાઈ પંચાલ, ભક્તિકાંતભાઈ કારિયાએ આભાર દર્શન કર્યું હતું. સ્પર્ધાને સફળ બનાવવામાં સર્વ ન્યાલચંદભાઈ ચંદન, ડી.પી.સંઘાણી, હરિલાલ ઠક્કર, હેમંતભાઈ અને યોગેશભાઈ માધવાણીએ યોગદાન આપ્યું હતું.

# જૈન સોશ્યલ ગૃપ દ્વારા ૧૫મીએ ગુજરાત પ્રદેશ અંતાક્ષરી સ્પર્ધા

## સવારે ટાઉનહૉલ ખાતે રક્તદાન કૅમ્પ પણ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

જૈન સોશ્યલ ગૃપ પોતાના ત્રિ-દશાબ્દિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રિજન અંતાક્ષરી સ્પર્ધાનો કાર્યક્રમ હોસ્ટ કરી રહ્યું છે. આગામી તા. ૧૫ જુલાઈ ને રવિવારના રોજ સવારે ૧૧-૩૦થી સાંજે ૬ કલાક દરમ્યાન ટાઉન હૉલ, ગાંધીનગર ખાતે આ સ્પર્ધા યોજવામાં આવી છે. ગાંધીનગર ગૃપમાંથી ચાર સભ્યો આ અંતાક્ષરી સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે.

આ પ્રસંગે જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફૅડરેશનના પ્રમુખ દિલીપભાઈ શાહ, જનરલ સૅક્રેટરી પંકજભાઈ સંઘવી, જોઈન્ટ સૅક્રેટરી અરવિંદભાઈ દોશી, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ કોઠારી, ગુજરાત રિજનના ચૅરમૅન મનિષભાઈ શાહ, સર્વ પદાધિકારીઓ તથા વિવિધ ગૃપોના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આ જ દિવસે સવારે ૯થી ૧૨ દરમ્યાન ગૃપ તરફથી બ્લૉડ ડૉનેશન કૅમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ બ્લડ યુનિટ્સ કૅન્સર હૉસ્પિટલ, અમદાવાદને આપવાનું નિયત કરાયું છે. વધુ ને વધુ સભ્યોને રક્તદાન કરવા ગૃપ તરફથી અપીલ કરવામાં આવી છે.

## ગુજ.યુનિ. સંલગ્ન કોલેજોમાં કોમર્સમાં સ્થિતી

# અંગ્રેજીમાં ૨૦૮૦, ગુજરાતી માધ્યમમાં ૨૭૦૯ સીટ ખાલી

## અનામતની પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો ઉપર મેરીટના આધારે ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓને પ્રવેશ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શહેરની કોમર્સ કોલેજોમાં અનામતની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અંગ્રેજી માધ્યમમાં ૨૦૮૦ બેઠકો અને ગુજરાતી માધ્યમમાં ૨૭૦૯ બેઠકો ખાલી રહી છે. આ તમામ બેઠકો ઉપર ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશેમ અમદાવાદ શહેરની ૪૮ કોમર્સ કોલેજોમાં ૧૨૭ ડિવિઝનમાં ૧૫૦ પ્રમાણે ૧૯૦૫૦ બેઠકો છે. આ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કોમર્સ કોલેજોમાં અનામત કેટેગરીની પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો ઓપન કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે. જેના ઉપર કોલેજોએ મેરીટના ધોરણે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. ગુજ.યુનિ.ના કાર્યકારી કુલપતિ આજે ખાલી બેઠકોના સત્તાવાર આંકડા આપ્યા હતા. જેમાં જે. જી. કોમર્સ કોલેજ, એન.સી. બોડીવાલા, ન્યુ એલ.જે. અને પી. ડી. પંડ્યા મહિલા કોમર્સ કોલેજ, એસ.એમ. પટેલ, જીએલએસ, આર. સી. કોલેજ કોમર્સ, શ્રી સહજાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોર્નિંગ અને શ્રી કે. કા. શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજમાં અંગ્રેજી માધ્યમની બેઠકો ભરાઇ ગઈ છે. જ્યારે આ સિવાયની બેઠકોમાં ખાલી બેઠકો પર ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. કોલેજો પ્રમાણે ખાલી બેઠકોની યાદી ગુજ.યુનિ.ની વેબસાઇટ ઉપર મૂકી દેવામાં આવી છે.

# આર્કીટેકની ૯૦૦ બેઠકો માટે ૨૧૦૦ ફોર્મ ભરાયા

અમદાવાદ, તા.૧૧

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા આર્કિટેકની ૧૫ કોલેજની ૯૦૦ બેઠકો માટે હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ૨૧૦૦ ફોર્મ ભરાઈને આવ્યા છે. હવે ૧૩મી જુલાઈથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. સેપ્ટની આઉટ સ્ટેટની ૪ બેઠકો માટે કુલ ૮૮૯ ફોર્મ ભરાઈને આવ્યા છે. જીટીયુ સંલગ્ન આર્કિટેકની ૧૫ કોલેજની ૯૦૦ બેઠકો પૈકી મેનેજમેન્ટના ક્વોટાની ૧૫૧ અને સ્ટેટ ક્વોટાની ૮૨૯ બેઠકો છે.આ બેઠકોમાંથી આઉટ સ્ટેટ માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે.

# જીવનોપયોગી ચાણક્ય નીતિનાં સર્વશ્રેષ્ઠ ૧૦૮ નીતિવાક્યો

ચાણક્ય નીતિનાં વાક્યો જીવનમાં ઉપયોગી છે. ચાણક્ય નીતિ વિશે ખુદ ચાણક્યે કહ્યું છે કે, 'આ ચાણક્ય નીતિની વિરૂદ્ધ આચરણ કરનાર વ્યક્તિનું પતન નિશ્ચિત છે.' આજે ચાણક્ય જયંતિ નિમિત્તે આ નીતિ વાક્યો માણીએ.

જીવનની પળ જે જ્યારે માગે તે ત્યારે કરી નાખવું તે ધર્મ.

લોઢું લોઢાને કાપે તેમ કાંટાથી કાંટો કાઢવો.

છ કાને પડેલી વાત ક્યારેય છૂપી રહેતી નથી, બે કાનની વાત બ્રહ્મા પણ જાણતા નથી.

શરાબી કોઈપણ કામ સારી રીતે પૂરું કરી શકતો નથી.

આજે વિચારો પછી કાલે બોલો.

ફૂલ ઉપર બેસી ભમરો મધ એકઠું કરે છે તે રીતે રાજાએ પ્રજા પાસેથી કર લેવો.

જે ધન તમે વાપરો છો એ જ તમારું છે.

શીખવા જેવું હોય તો બાળક પાસેથી પણ શીખો.

એક અવગુણ તમારા સૉ ગુણને દબાવી દે છે.

અગ્નીની ઈચ્છા કરો તો ધૂમાડો સહન કરવાના તૈયારી રાખજો.

અપ્રિય વ્યક્તિના તમારા પ્રત્યેના પ્રિય આચરણથી ચેતી જજો.

દૂધમાં રેડેલું પાણી દૂધ જ બની જાય છે.

આળસુ માણસનું કોઈ ભવિષ્ય હોતું નથી.

લીમડાને ગમે તે રીતે ઉકાળો, બાફો તો પણ એ શેરડી બની જતો નથી.

કોઈનું અપમાન કરો તો અપમાન સહન કરવાની તૈયારી પણ રાખજો.

ધીરજવાનને જ ધન મળે છે.

ભૂખ વગર કદી ય ખાશો નહિ.

ચુગલીખોરથી વેળાસર ચેતી જજો.

વધુ પડતી સરળતા સારી નથી.

જેવા સાથે તેવા બનશો તો જ જીવી શકશો.


જેવો પ્રશ્ન હોય તેવો જ ઉત્તર આપજો.

નાનું વ્યસન મોટું દુખ પેદા કરે છે.

આપણે અમર છીએ એવું માની ધનની સદા બચત કરજો.

ગરીબી સાક્ષાત્ મોત છે.

પારકું ધન પોતાના ધનને ખાય છે.



આજે ચાણક્ય જયંતિ

વિદ્યા નિર્ધનનું ધન છે.

તમારા દુશ્મનમાં પણ જો સદ્‌ગુણ દેખાય તો સ્વીકારી લેજો.

હંમેશા કોઈપણ મર્યાદાનું ક્યારેય ઉલ્લંઘન કરશો નહિ.

સ્ત્રી વગરનું ઘર ફૂલ વગરના છોડ જેવું છે.

રાજા, મિત્ર, મા, ગુરુ, માલિક, પત્ની સાથે ક્યારેય વિવાદ કરશો નહિ.

અધિકાર અને આજ્ઞા વિના કોઈના ય ઘરમાં પ્રવેશ કરશો નહિ.

ઋણ, રોગ અને શત્રુ - આ ત્રણને ઊગતાં જ ડામી દેજો.

સુખાર્થીને વિદ્યા નથી અને વિદ્યાર્થીને

**પ્રસંગસર**

- પી એમ પરમાર 'દર્શન'

સુખ નથી.

રાજા રાષ્ટ્ર માટે હોય છે, રાષ્ટ્ર રાજા માટે નથી.

સગા-સંબંધી વચ્ચે ગરીબ થઈને રહેવા કરતાં તો જંગલમાં રહેવું સારું.

બુદ્ધિ વગરનું બળ નકામું છે.

પક્ષી ઝાડ ઉપર રેનબસેરા કરી સવારે ઊડી જાય તેવું જ આપણા બધાનું છે.

દૂધ પાવાથી જેમ સાપનું ઝેર ઓછું થતું નથી તેમ દુર્જન ઉપદેશથી સુધરતા નથી.

ફૂલની ગંધને માટી અપનાવી લે છે પણ માટીની ગંધને ફૂલ અપનાવતું નથી.

ગુણ વગરનો પુરુષ ગમે તેટલો રૂપાળો હોય તો પણ શું કામનો ?

મંત્રીનું સુખ રાજસેવા છે, કામીનું સુખ સ્ત્રી છે, બ્રાહ્મણનું સુખ વેદપાઠ છે.

જ્ઞાની માણસ કદી ભોજનની ચિંતા નથી કરતો.

દાડમ પાકી ગયા પછી મીઠું-મધુરું છે એમ પરિપક્વ જન નમ્ર બને છે.

બકરીના ગળામાં લટકતો આંચળ જેમ નકામો છે તેમ દુર્જન સમાજ માટે નકામો છે.

ઈર્ષાનું બીજું નામ અસફળતા છે.

કદાચ સાગર પોતાની મર્યાદા ઓળંગે પણ સાચા સંત મર્યાદા ઓળંગતા નથી.

એકતામાં જ શક્તિ છે.

દુનિયામાં શેરને માથે સવાશેર જોઈએ તેટલા પડ્યા છે.

દિલમાં જે છે તે દૂર હોવા છતાં પાસે જ છે, પણ જે દિલમાં નથી તે અતિ દૂર છે.

અતિનિકટ સંબંધોને તૂટતાં વાર નથી લાગતી.

કાચને માથા ઉપર રાખો, મણિને પગમાં રાખો તો પણ મણિની જ કિંમત વધુ છે.

બીજાના આશ્રયે રહેનારો કાયમ નાનો જ રહે છે, પરાધિનતાની આ જ પીડા છે.

માણસને જે સમયે જે મળે તેનાથી સંતોષ માનવો.

ચંદનને કાપી નાખો, શેરડીને પીલી નાખો, સોનાને આગમાં નાખો - ગુણ કાયમ રહે છે.

જ્યારે ખરાબ દિવસો આવવાના હોય છે ત્યારે બુદ્ધિ આપોઆપ ભ્રષ્ટ થાય છે.

સાપનું દાંતમાં, વીંછીનું પૂંછડીમાં, માખીનું મોંમાં ઝેર હોય છે.

હાથની સાચી શોભા આભૂષણો નથી, પણ દાન છે.

કીડી અને હાથી બંને જીવે છે. કદ મહત્ત્વનું નથી, કાર્ય મહત્ત્વનું છે.

હાથની બધી આંગળીઓ જેમ સરખી નથી તેમ બધાના સ્વભાવ સરખા નથી હોતા.

મિત્રની પત્ની, ગુરુની પત્ની, રાજાની પત્ની, ભાઈની પત્ની - આ ચાર મા સમાન છે.

સોળ વરસનો પુત્ર થાય એટલે પિતાએ તેની સાથે મિત્ર જેવો વ્યવહાર કરવો.

ફૂલમાં સુગંધ, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, દૂધમાં ઘીની જેમ શરીરમાં આત્મા છે.

સોનામાં કદી સુગંધ નથી હોતી.

ભોજન કરતી વખતે હંમેશા મનુષ્યે મૌન રહેવું જોઈએ.

આયુષ્ય, પૈસા, વિદ્યા અને પત્ની - માણસના ગર્ભ વખતે જ નક્કી થઈ જાય છે.

પરમાત્માની ઈચ્છા વગર પાંદડું પણ હાલતું નથી. બધું ઈશ્વરાધીન છે.

વિદ્યા અને જ્ઞાનની કોઈ સીમા નથી.

પોતાનાથી જે સદ્‌ગુણોમાં ચડિયાતા છે તેની જ મિત્રતા કરો.

આગ, બ્રાહ્મણ, ગુરુ, કુંવારી કન્યા, બાળક અને વૃદ્ધાને પગથી અડકશો નહિ.

હાથીને અંકુશથી, ઘોડાને ચાબુકથી, પશુને ડંડાથી, દુર્જનને તલવારથી વશ કરો.

ગમે તેટલું મિષ્ટાન હોય, કાગડો નર્કમાં જ પહેલી ચાંચ નાખે છે.

સ્ત્રીની પરીક્ષા ગરીબીમાં થાય છે.

દરેક પર્વતે માણેક, દરેક હાથીએ મોતી, દરેક વનમાં ચંદન, દરેક જગાએ સજ્જન નથી હોતા.

કાયમ સુખ ટકતું નથી કે કાયમ દુખ પણ ટકતું નથી.

કોયલ કાળી હોવા છતાં ટહૂકાથી મોહી લે છે, રૂપ કરતાં ગુણ ચડે છે.

ભગવાનની ભક્તિ અને પોતાનું ભોજન - આ બંને એકાંતમાં કરવાં.

તાપ, ટીપ, કસ, કાપથી સોનાની પરીક્ષા અને ત્યાગ, શીલ, ગુણ, કર્મથી પુરુષની પરીક્ષા થાય છે.

દાન કરવાથી દરિદ્રતા દૂર થાય છે.

રાખોડીથી કાંસાનું અને આમલીથી તાંબાનું વાસણ કદી સાફ કરવું નહિ.

જ્યાં માન નથી, જ્ઞાન નથી, આજીવિકા નથી ત્યાં રહેવું નહિ.

કોઈ પણ મહાન કામ કરતાં પહેલાં તે કામની જાહેરાત કરવી નહિ.

પરિશ્રમથી ગરીબી, પૂજાથી પાપ, ઔષધથી રોગ અને મૌનથી ઝઘડાનો નાશ થાય છે.

બીજાનું જે ભલું કરે છે તેનું ભલું ખૂદ ભગવાન કરે છે.

વાંચ્યા વગર પાસે પુસ્તક રાખવું એ કમાયેલું ધન હેતુ વિના બીજાને આપવા બરાબર છે.

અનીતિથી કમાયેલું ધન દસ વર્ષ રહે છે પછી વ્યાજ સહિત બધું ધન હરી લે છે.

નોકરની સેવામાં, મિત્રની દુખમાં ને સંકટ સમયે સગાની પરીક્ષા થાય છે.

રાજાની શોભા પ્રધાનથી, વણિકની વેપારથી અને ઘરની શોભા ગૃહિણીથી વધે છે.

મૂર્ખ મનુષ્ય અને પશુમાં કોઈ તફાવત હોતો નથી.

વંશની રક્ષા માટે વ્યક્તિની, ગામ માટે વંશની, દેશ માટે ગામની કદી પરવા કરવી નહિ.

જેની વાણી મધુર છે તેના જીવનમાં કોઈ દુશ્મનો હોતા નથી.

જે માતાપિતાને દુખ આપે છે તેવા સૉ પુત્રો હોય તો પણ શું કામના ?

દયા વગરનો ધર્મ, જ્ઞાન વગરના ગુરુ, પ્રેમ વગરનો ભાઈ - એકડા વગરનાં મીંડાં છે.

● અનુસંધાન છઠ્ઠા પાને

## કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

# સુગમ સંગીતના સમૃદ્ધકર્તા જિતેન્દ્રભાઈ વ્યાસ



''હવા ફરી ઉદાસ છે... ચમન ફરી ઉદાસ છે...'' જાણીતા સ્વરકાર ઉપેન્દ્ર ત્રિવેદીની આ રચના એક યુવાન દ્વારા ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવની સુગમ સંગીત સ્પર્ધામાં (૧૯૬૬) રજૂ થાય છે. હરિફ કલાકારોમાં હર્ષિદા વ્યાસ (રાવલ), હંસા દવે વિ. સાથે ગૌરાંગભાઈ વ્યાસ સંચાલિત દસ જેટલાં સાજિંદાઓનો કાફલો - યુવાનો થોડી વિસામણ અનુભવે છે પરંતુ સંઘર્ષમાં જ જીવનની મજા છે તેવું માનતા યુવાનની ગાયકીથી નિર્ણાયકો ડોલી જાય છે... પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ઉદાસ હવા, ચમન અને વાતાવરણને ખુશીઓથી છલકાવી દે છે. એ યુવાન છે ગાંધીનગરના શ્રી જીતેન્દ્ર માણેકલાલ વ્યાસ ઉર્ફે માલીભાઈ.

૧૯૪૫ માં રાજકોટ મુકામે જન્મેલા જીતેન્દ્રભાઈને માતુશ્રીનાં મીઠા કંઠે ગવાતાં હાલરડાં, ભજનો, ગરબા વિ. નો વારસો ગળથૂથીમાં જ પ્રાપ્ત થયા. રાજકોટની રાષ્ટ્રીય શાળા અને સૌરાષ્ટ્ર કલાકેન્દ્રના કાર્યક્રમોના રીહર્સલો માલીભાઈને ઘરે થાય. સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમીના કાર્યક્રમોમાં ભારતનાં સુપ્રસિધ્ધ કલાકારો આવે. જીતેન્દ્રભાઈના મોટાભાઈ શ્રી વિનુભાઈ જાણીતા ગાયક હોવાથી ઘણા કલાકારો માલીભાઈના ઘરે જ ઉતરે. સ્વ. હીરાબાઈ બરોડેકર, ઉસ્તાદ રઈસખાન, ઉસ્તાદ અલી અકબર ખાન, ગંગુબાઈ હંગલ વિ. વિખ્યાત કલાકારોને નજીકથી સાંભળવાનો - માણવાનો લ્હાવો અને આ ક્ષેત્રમાં આગળ આવવાની પ્રેરણા પ્રાપ્ત થઈ. ભાવનગરથી અવારનવાર રાજકોટ આવતાં જાણીતા કવિ - સ્વરકાર સ્વ.જગદીપ વિરાણી અને ગાયક સ્વ. પિનાકીન મહેતાની પ્રેરણા - પ્રોત્સાહન પણ ખુબ ઉપયોગી થયા.

આ અરસામાં પ્રખર નાટ્યવિદ્ શ્રી માર્કન્ડ ભટ્ટ દિગ્દર્શિત ત્રિઅંકી નાટક ''શેતલને કાંઠે'' માં બાળ દેવરાની ભૂમિકામાં જીતેન્દ્રભાઈ પસંદ થયા. શ્રી માર્કન્ડ ભટ્ટ ઉપરાંત પાર્શ્વમાં સ્વ. હેમૂ ગઢવીનો અદ્‌ભૂત કંઠ હોય, સર્વોદય રાસ મંડળના ખેલૈયાઓ રાસની રમઝટ બોલાવે, સ્વ. ઉર્મિલા ભટ્ટ, અમૃત જાની, રામજી વાણિયા, મનુ શુક્લ વિ. માંધાતાઓ હોય પછી પૂછવું જ શું? ''શેતલને કાંઠે'' ના ગુજરાત અને ભારતભરમાં ૧૫૦ જેટલા પ્રયોગ થયા. બાળ કલાકાર માસ્ટર જીતેન્દ્ર અભિનય ક્ષેત્રે છવાઈ ગયાં! અભ્યાસની સાથે સાથે જ 'હોહોલિકા', 'વસુંધરાના વહાલાં દવલાં', 'ધન્ય સૌરાષ્ટ્ર ધરણી,' 'સોમનાથની સખાતે' વિ. અનેક નાટકોમાં જીતેન્દ્રભાઈએ અભિનયનાં અજવાળાં પાથર્યાં.

અભિનયની સાથે સંગીત ક્ષેત્રની સફર પણ ચાલુ જ રહી, અને આકાશવાણી રાજકોટની બાલસભામાં કાર્યક્રમો આપ્યાં. જીતેન્દરભાઈ કંઠ અને કાયકી પારખીને, ઉપેન્દ્ર ત્રિવેદીએ 'કોરલ' ગ્રુપમાં આપેલ ચાર વર્ષ સુધીની સમૂહ ગીતની કઠિન તાલીમ બાદ, વ્યક્તિગત ગાવાની તક મળતાં ૧૯૬૬ થી આકાશવાણીનાં માન્ય કલાકાર તરીકે માલીભાઈએ અનેક કાર્યક્રમો રજૂ કર્યાં. એ સાથે જ ૧૯૬૬ અને ૧૯૬૭ બંને વર્ષે યુનિવર્સિટી યુવક મહોત્સવમાં સુગમ સંગીત સ્પર્ધામાં પ્રથમ આવ્યાં અને સંગીત નભમાં એક તેજસ્વી તારલાનો ઉદય થયો. કૉલેજ અભ્યાસ દરમિયાન પોતાની કૉલેજ (એલ.ડી. આટ્ર્સ) ઉપરાંત અમદાવાદની અન્ય કૉલેજોના ટેલેન્ટ કાર્યક્રમોનાં સંગીત સંચાલનમાં શ્રી ગૌરાંગ વ્યાસનાં સહાયક તરીકે સેવાઓ આપી.

તાલીમ, પ્રેરણા, ધગશ, કર્ણપ્રિય કંઠ અને સુમધુર ગાયકીના કારણે માલીભાઈની રજૂઆતો વખણાવા લાગી. જાણીતા સંગીતજ્ઞ શ્રી હરેશ બક્ષી સંચાલિત ''સંગીતિ'' માં જોડાઈને ગુજરાતભરમાં અને મુંબઈમાં અનેક સફળ કાર્યક્રમો આવ્યાં. ૧૯૬૬ થી ૧૯૯૫ સુધી એટલે કે ૩૦ વર્ષો સુધી 'કોરલ' ગ્રુપમાંથી નિયમિત કાર્યક્રમો રજૂ કર્યાં.

૧૯૬૯માં સચિવાલયમાં નોકરીમાં જોડાયા પછી ૧૯૭૧માં ગાંધીનગરમાં વસવાટ અને લગ્ન થયાં. ગાંધીનગરમાં એ સમયે સંગીતની બેઠકો પ્રચલિત હતી. ડૉ. વ્યાસા, કોકીલાબેન ત્રિવેદી, સતીશભાઈ - ગિરાબેન, મહેન્દ્રભાઈ વોરા વિ. ના ઘરે ગીતો ગઝલો, ભજનોની જમાવટ થતી જે ઘણીવાર તો સવાર સુધી ચાલતી. માલીભાઈના કંઠનો આ બેઠકોમાં સિંહફાળો રહ્યો છે. જયારે કે.સી. નાયક અને પ્રફુલ્લ દવે અને માલીભાઈ દ્વારા લોક અને સુગમ સંગીતની જુગલબંધી યોજાતી જેને લોકો હજી પણ યાદ કરે છે.

ગાંધીનગરમાં સંગીતની સૌથી જૂની સંસ્થા 'શિવરંજની'ની સ્થાપના ૧૯૭૨માં જીતેન્દ્રભાઈ, આર.સી. જોષી, રાજેન્દ્ર ભટ્ટ, મધુભાઈ ભટ્ટ, મનુભાઈ ત્રિવેદી વિ.એ કરી અને ગાંધીનગરમાં સંગીત પ્રવૃત્તિઓનાં મંગલાચરણ કર્યાં. એ પછીનાં વર્ષોમાં જાણીતા સુગમ સંગીતના કલાકારો હર્ષિદા, જનાર્દનભાઈ, વિભા-રાસભાઈ, પુરૂષોત્તમ ઉપાધ્યાય, હંસા દવે, આશિત દેસાઈ વિ. આ કાર્યક્રમો યોજીને શિવરંજનીને ગુંજતું કર્યું. માલીભાઈએ શિવરંજનીના નેજા નીચે એક ગાયકવૃંદ પણ ઊભું કરીને નવા નવા સંગીત પ્રયોગો કર્યાં. આ વૃંદમાં માલીભાઈ, સ્વ. નવીનભાઈ ધોળકીયા, નીલા ધોળકીયા, માલિની પંડિત, અવની બૂચ, બોરા બ્રધર્સ, જગદીશ વ્યાસ, ધર્મેન્દ્ર તપોધન વિ. મુખ્ય કલાકારો હતા.

માલીભાઈની લાજવાબ ગાયકી સાંભળીને સ્વ. રસિકભાઈ ભોજકે આકાશવાણી અમદાવાદના 'કોરલ' ગ્રુપ માટે માન્ય કલાકાર તરીકે પસંદ કર્યાં. કોરલ ગ્રુપના સરોજ ગુંદાણી, મધુસૂદન શાસ્ત્રી, બંસરી યોગેન્દ્ર, મુકુંદ વ્યાસ વિ. કલાકારો સાથે માલીભાઈએ અનેક કાયક્રમો સફળતાથી પ્રસ્તુત કર્યાં. માલીભાઈ માને છે કે રસિકભાઈ ભોજક પાસેથી આ ક્ષેત્રે તેમને ખૂબ શીખવા - જાણવા મળ્યું છે.

પોતાનાં હલ્કા, ભીના સ્વરે, ભાવથી નીતરતા ગીત ગાવાની અને તેમાં ઓતપ્રોત થઈ જવાની શૈલી અને રજૂઆતના કારણે માલીભાઈ સંગીત ચાહકોની જબરી દાદ મેળવતાં. નંદકુમાર પાઠકની જાણીતી અને માલીભાઈની માનીતી રચના ''તારો છેડલો તું માથે રાખને જરા આતો...'' ની સંગત રસિયાઓ આતુરતાથી રાહ જોતા. આવી જ રીતે માલીભાઈ ભજનો અને ભક્તિસંગીત પણ રજૂ કરે છે ત્યારે તેમાં તેમનાં હૃદયનો ભાવ સ્પષ્ટ થતો અનુભવાય છે.

માલીભાઈની સ્વરયાત્રામાં પ્રેરણાસ્તોત્ર તરીકે તેઓ સ્વ. જગદીશ વિરાણી અને પુરૂષોત્તમ ઉપાધ્યાયને અને સમગ્ર જીવનની સૂરયાત્રામાં સતત હૂંફાળી, પ્રેરણા આપનાર તેમનાં પત્ની કલ્પના જીતેન્દ્રને શ્રેય આપે છે. કલ્પનાબેન કલાવિદ્ અને તજજ્ઞ હોવા ઉપરાંત ગુજરાતી ભાષાના જાણીતા વાર્તા લેખિકા અને કરાર લેખિકા પણ છે.

માલીભાઈ માને છે કે ઉત્તમ ગાયક બનવા માટે 'શ્રવણ' જેવો કોઈ ગુરૂ નથી. જેટલું વધારે સાંભળો તેટલું સારું ગાઈ શકાય.

માલીભાઈ હાલમાં ગાંધીનગર ઉપરાંત મુનિ આશ્રમ, ગોરજ અને ભાવનગર વચ્ચે પોતાનો કિંમતી સમય આપે છે. સુગમ સંગીતને સમૃધ્ધ કરવામાં જેઓને સુરીલો ફાળો છે. એવા ગાંધીનગરના માલીભાઈની સૂરયાત્રા હંમેશા સંગીતમય બની રહે તેવી શુભેચ્છાઓ...